Date / /200

# એક અનાવિલ હોવાનો હું ગર્વ અનુભવું છું.

'એક અનાવિલ હોવાનો હું ગર્વ અનુભવું છું' આ વિષય ઉપર નિબંધ લખવો એટલે મારી અંતરગત લાગણીને કાગળ ઉપર વાચા આપવાની સુંદર તક. અનાવિલ કોમમાં જન્મ લેવો એટલે જ 'પોતાની મસ' નો આભાસ અડધું માન મળી ગયેલું કહેવાય. ઘરની બહાર ગમે ત્યાં જઈએ, ખબર પડે કે "દેસાઈ" છે એટલામાં જ પરિસ્થિતિમાં ફરક પડી જાય, પછી ભલેને તે ફરક હકારાત્મક હોય કે નકારાત્મક. એક અનાવિલ જ્યાં જાય કે જે કંઈ પણ કામ કરે એમાં એની નોંધ લેવી એ અનિવાર્ય બાબત બની જાય છે. અનાવિલની અવગણના અશક્ય છે.

હજુ તો લખવાની શરૂઆત કરી એટલે જ એક 'અનાવિલ' ની મોટી ખાસિયત સામે આવી ગઈ! કઈ? હા એજ જેની દરેક અનાવિલને ખબર છે, 'પોતાના' માટેનો ઉંચો અભિપ્રાય. ઉચ્ચ આત્મવિશ્વાસ અને બીજા કરતા પોતાને 'અલગ' સમજવાની વૃત્તિ એ અનાવિલ કોમની ખાસ માં ખાસ કહી શકાય એવી ખાસિયત છે. એ બાબતનો એક અનાવિલ તરીકે ઘણો ગર્વ છે પછી ભલેને કોઈ એને અભિમાન કહે કે તોછડાઈ કહે. ઉચ્ચ આત્મવિશ્વાસ અને પોતાને બીજા કરતા અલગ માનવાની વૃત્તિ એ અનાવિલોના લોહીમાં છે. આ વૃત્તિઓ જ બતાવે છે કે અનાવિલ કોમ ઉત્પત્તિથી લઈને આજ સુધીમાં હંમેશા દરેક ક્ષેત્રમાં ટોચ પર જ રહી હશે. ગરીબડો, બાપડો, નરમ અને હાથ જોડતા અનાવિલની કલ્પના પણ કરવી એ અશક્ય બાબત છે.

અનાવિલ કોમનો ઇતિહાસ કહે છે કે અનાવિલો એ આર્ય અને નાગપ્રજાનું મિશ્રણ છે જે બંને ~~ભારત~~ શ્રેષ્ઠ પ્રજાઓમાં આવે છે, તો કોઈ વળી એમ કહે છે કે શ્રીરામપ્રભુના આશીર્વાદ થી ભીલ પ્રતિ બ્રાહ્મણ બની તે અનાવિલ. ઇતિહાસ જે કહે તે પણ 'મૂળતા અનાવિલ' ને મેં તો એક વાત તો માનવી જ રહી કે અનાવિલ જાતિ એ ઉંચા કુળની નિપજ છે.

અનાવિલની સરખામણી જો કરવી હોય તો સિંહ સાથે કરી શકાય. સુંદર શરીર, નિડર, આખાબોલા, ગર્વિષ્ઠ, ઉદાર, બુદ્ધિશાળી, ઉચ્ચ કક્ષાની વ્યવસ્થા શક્તિ, ખંતીલા, ઉદ્યમશીલ. સિંહ ભલે ભૂખ્યો રહે પણ ઘાસ ન ખાય એમ જ વીતે એક અનાવિલો ભલે ગમે એવી વિષમ પરિસ્થિતિમાં

Scanned with Ca

હોય પણ તૂટેલી અને કાળી ગયેલી ઇમારતો નહિ.

સાચાબોલાપણું એ અનાવિલોની બીજી ખાસ ખાસિયત છે. જે હૃદયમાં હોય તે જ હોઠ ઉપર. બાહ્ય આડંબર કે ખોટો શિષ્ટાચાર એ અનાવિલ કોમ માટે લગભગ અશક્ય બાબત છે. હૃદયમાં કોઈ મેલ નહિ. એ જ તો 'અનાવિલ'. અન + આવિલ એટલે કે 'મેલ વિનાનું', 'શુદ્ધ'.

અનાવિલ કોમના સ્વભાવના આ હકારાત્મક પાસાઓને લીધે જ તો અનાવિલે આજે દરેક ક્ષેત્રમાં પોતાનું નામ ઉજાગર કર્યું છે. ડાંગની આદિવાસી પ્રજા હોય કે દુનિયાનું સુપર પાવર અમેરિકા હોય જ્યાં જઈએ ત્યાં મહત્ત્વની વ્યક્તિઓમાં એકાદ 'અનાવલો' તો હોવાનો જ.

મનુષ્ય તરીકેના અવતારમાં જો ટોચનું સ્થાન ગણવું હોય તો એ ગણી શકાય કે વ્યક્તિ સંત બની જાય અને મોક્ષ મેળવે અને જો મનુષ્ય અવતાર તરીકેનું નિકૃષ્ટ સ્થાન ગણવું હોય તો એ કે વ્યક્તિ કોઈ પણ મતના કારણ વિના હત્યારો બની જાય, દુરાચાર કરે. પૂજ્ય શ્રી-ગાંડા મહારાજ જેનું નામ દરેક અનાવિલના હૈયે હશે જ જેમણે અનાવિલ કોમમાં ટોચના સ્થાને ગણી શકાય અને મને ગર્વ છે પૂજ્ય શ્રી ગાંડા મહારાજ ઉપર. પણ આજ સુધીમાં એટલે કે અનાવિલોના ઇતિહાસમાં એવું નથી બન્યું કે એક પણ અનાવિલનું નામ દુનિયાના નીચ માં નીચ અપરાધીની યાદીમાં હોય. આ કંઈ નાનીસૂની વાત નથી, એનો મતલબ, અનાવિલ કોમનું માળખું એવું છે કે એમા ઉછેર પામેલ વ્યક્તિ સંત તો બની શકે પણ અધમ કદાપી નહિ. સલામ છે 'અનાવિલ' ને.

અનાવિલોની એક ઓર ખાસિયત પણ છે જેનાથી ખબર જ પડી જાય કે આ 'અનાવિલ' જ છે અને તે છે સર્વોચ્ચ વ્યવસ્થા અને સંચાલન શક્તિ. એની સાબિતી છે અનાવિલ કોમની અટકો, જેવી કે, 'દેસાઈ', 'નાયક', 'મહેતા', 'વશી'. રાજ-રજવાડાના સમયમાં રાજ્ય વહીવટમાં જુદા-જુદા ક્ષેત્રોમાં ઉચ્ચ વહીવટ માટે મળતી માનદ પદવી માટે જે શબ્દો વપરાતા હતા તે અનાવિલની અટકો. શ્રી મોરારજી દેસાઈ, શ્રી મહાદેવભાઈ દેસાઈ, આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી ખંડુભાઈ દેસાઈ આ તો બધા નજર સામેના ઉદાહરણો. દરેક અનાવિલ ને ગર્વ છે અને રહેશે આ નામો ઉપર. અનાવલો ઝળકે છે આ તેજસ્વી તારલાઓના જેમ દુનિયામાં



Bhogilal

3 6 4

Scanned with Ca

નામ ઉજાગર કર્યું છે અનાવિલ કોમનું.

કોઈ પણ જ્ઞાતિની સંસ્થા હોય, તાલુકો હોય, જીલ્લો હોય, રાજ્ય કે દેશ કે દુનિયા હોય એમાં જો કોઈ અનાવિલ સક્રિય રીતે જોડાયેલો હોય તો સો માંથી પંચાણું જગ્યાએ ઉચ્ચ સ્થાન પર અનાવિલ જ હોવાનો અને એનું કારણ ફક્ત અને ફક્ત એક જ ઉચ્ચ 'વહીવટી જ્ઞાન', સંચાલન અને વ્યવસ્થા શક્તિ, અને સાથે બુદ્ધિમત્તાની ખરી જ. આ સફળ મિશ્રણમાં પાછો એક ઓર ગુણ ઉમેરાય પછી અનાવિલો પાછળ ક્યાંથી રહે, અને તે ગુણ છે 'નિડરતા'. અનાવિલ અને ડરપોકતા એ બંને વિરોધી શબ્દો કહી શકાય. સામે ગમે તે વ્યક્તિ હોય પછી તે દેવ હોય કે દાનવ, શ્રીમંત હોય કે ગરીબ, બુદ્ધિશાળી હોય કે મૂર્ખ પણ એનાથી ડરે તે અનાવિલો નહિ. આ બધી બાબતોનો એક અનાવિલ તરીકે મને ગર્વ ન હોય તો હું પણ અનાવિલ નહિ.

જેમ દરેક બાબત કે વસ્તુના બે પાસા હોય છે અને તે જરૂરી છે કારણકે આખો સંસાર જ વિરોધી છોર ઉપર ટકેલો છે. સુખ-દુઃખ, આશા-નિરાશા, સફળતા-નિષ્ફળતા વિગેરે. તેવી જ રીતે અનાવિલ કોમના પણ કેટલાક નકારાત્મક પાસાઓ ગણાવી શકાય જેવા કે કુસંપ, સંકુચિતતા, રૂઢિવાદી વલણ. પણ આજે આ બધા પાસાઓ તો ભૂતકાળ બનવાની તૈયારીમાં છે. કુસંપ એ કોમનો ભયાનક ભૂતકાળ હતો. આજે કોઈ પણ ક્ષેત્રમાં જોઈએ તો એક અનાવિલ જો ઉચ્ચ સ્થાન પર હશે તો તે ક્ષેત્રમાં બીજા જેટલા સમાવી શકાય એટલા અનાવિલોને તો સમાવ્યા જ હશે. આજે પરિસ્થિતિના વહેણ સાથે બુદ્ધિશાળી અનાવિલો એ પોતાના નકારાત્મક પાસાને ઘણા પાછળ પાડી દીધા છે. ઉચ્ચ આત્મવિશ્વાસ અને બુદ્ધિમત્તા ના વારસામાં મળેલા ગુણને કારણે આ નકારાત્મક પાસાઓ રહી જાય તો જ નવાઈ લાગે. આટલા સબળ ગુણો મળેલા હોય કોમને અને કોમ વિકાસ ન કરે એ તો કુદરતી ક્રમને ઉથલાવવા જેવી વાત થઈ.

અનાવિલ કોમ ઉપર ખરાબ લાગે એવી બીજી એક પ્રથા હતી તે હતી 'વાંકડા પ્રથા' એ તો સમયના વહેણ સાથે ક્યારનીય તણાઈ ગઈ છે. અનાવિલમાં આજે અદ્ભુત કહી શકાય એવી રીતે છોકરા અને છોકરીનો સમાન ઉછેર થાય છે. અનાવિલ કોમનો આ વિકાસ તો છાતીને ગજ-ગજ ફુલાવે તેવો છે. ઈશ્વરકૃપા છે કે મેં અનાવિલ તરીકે જન્મ લીધો છે.

આ તો થઈ અનાવિલ કોમના સ્વભાવની વાતો. જેવો સ્વભાવ એવી જ અનાવિલોની રહેણીકરણી, પહેરવેશ, ખાણી-પીણી, બોલ-ચાલ અને રિવાજો. જીવનને સ્પર્શતી દરેક બાબતમાં અનાવિલની અલગતા દેખાય જ મય છે. ઉપરની દરેક બાબતોમાં પણ એક વસ્તુ સામાન્ય છે અને તે છે 'ઉત્સવ પ્રસંગો'. અનાવિલના રિવાજોની વાત કરીએ તો, દરેક રિવાજ પછી તે જન્મ હોય, મરણ હોય, લગ્ન હોય, યજ્ઞોપવીત સંસ્કાર હોય કે બીજા રિવાજો, દરેકની જે વિધિ દાખલામાં આવી છે એમાં ભરપૂર વ્યવસ્થા જોવા મળે પછી તે સમયની રીતે હોય, ધાર્મિકતાની રીતે હોય કે ભોજન વ્યવસ્થા હોય.

હવે મારે એવા અનાવિલોની વાતો કરવી છે જેમણે જુદા-જુદા ક્ષેત્રે ઘણું જ સરસ કામ કરી આ કોમના ગર્વને ચાર ચાંદ લગાવ્યા છે. જેવા કે આધ્યાત્મિક ક્ષેત્રે પૂજ્ય શ્રી મોટા મહારાજ, પૂજ્ય શ્રી સચ્ચિદાનંદજી. રાજકીય ક્ષેત્રે શ્રી મહાદેવ દેસાઈ, મોરારજી દેસાઈ. સમાજ સુધાર ક્ષેત્રે શ્રી દયાળજી દેસાઈ, શ્રી ગોવિંદજી નાયક. સાહિત્ય ક્ષેત્રે શ્રી સ્નેહરશ્મિ, શ્રી કોલક : રતુભાઈ દેસાઈ. કેળવણી ક્ષેત્રે ગોપાળજી દેસાઈ, ડૉ. કુંવરજી નાયક. વેપાર ક્ષેત્રે શ્રી ખંડુભાઈ દેસાઈ, શ્રી રણછોડજી ગાંડાભાઈ. વકીલાત ક્ષેત્રે શ્રી ગુલાબદાસ વકીલ. તબીબ ક્ષેત્રે ડૉ. ગુલાબ વશી, ડૉ. છોટુભાઈ દેસાઈ. યાદી ઘણી લાંબી છે. આ દર્શાવેલ નામો તો ~~સમ~~ સમગ્રનો થોડો ભાગ છે. સલામ છે આ અનાવિલોને.

વાત જ્યારે અલગ-અલગ ક્ષેત્રોની ચાલતી હોય ત્યારે એવા ક્ષેત્રને કેવી રીતે ભૂલાય જેના પર અનાવિલની આવડત ઉપર ટકી નભી છે. જેને અનાવિલનો મુખ્ય રોજગાર કહી શકાય એવો એ છે 'ખેતી'. ખેડૂત બનેલો બ્રાહ્મણ ~~ફક્ત~~ અનાવિલ માટે લાગે અનાવિલ કોમમાં જ જોવા મળશે. માંગીને, ગોરપદુ કરીને કે શાસ્ત્રાર્થ કરીને જીવન વિતાવતા બ્રાહ્મણો દુનિયામાં જોવા મળશે પણ ખેતી કરતા બ્રાહ્મણો ફક્ત દક્ષિણ ગુજરાતમાં વાપી થી તાપી સુધી જ જોવા મળશે. કેવી ને આ 'અલગતા'! વંદન છે એને.

પણ આજે બદલાયેલા સમય સાથે ખેતીની ઓછી થયેલ આવક, ઉચ્ચ શૈક્ષણિક અને બૌદ્ધિક જ્ઞાન હોવા છતાં અનામત ના કાયદા ને કારણે ઘટેલી નોકરીની તકો અને મંદીના માહોલમાં દિવસેની રોજી શોધતા એ અનાવિલની યુવા પેઢીની તકલીફ ઘણી વધારી દીધી છે. પણ આ પરિસ્થિતિમાં પણ અનાવિલો જે રીતે ટકી રહ્યા છે અને વિકાસના પંથે આગળ વધી રહ્યા છે એના માટે

Bhogilal

૨૫



Scanned with Ca

Date : / /200

અનાવિલોનું ખમીર, સાહસ, હિંમત જગજાહેર છે. મને ગર્વ છે કે મારો જન્મ અનાવિલ તરીકે થયો છે.

સમયના વહેણ સાથે જે થોડા ઘણા ફેરફાર અનાવિલ કોમમાં આવ્યા હોય તો તે છે, સમાજમાં અનાવિલ સ્ત્રીનું સ્થાન અને માનસિકતા. પહેલાના સમયમાં સ્ત્રીના શિક્ષણનું મહત્ત્વ જેવા જેવું ન હતું ત્યારે સ્ત્રીનું વ્યક્તિત્વ સીમિત હતું. અનાવિલ પુરુષની સરખામણીમાં અનાવિલ સ્ત્રી ઘણી જ સીમિત, સંકુચિત, કજિયાખોર, ઝઘડાળી હતી. આજે પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. પુરુષ કરતા સ્ત્રીનું શિક્ષણ ઘણું ઊંચું આવી રહ્યું છે. તેમના વ્યક્તિત્વનો વ્યાપ વિકસ્યો છે અને સ્ત્રીઓની માનસિકતામાં ગર્વ લઈ શકાય એવું પરિવર્તન આવ્યું છે. અનાવિલ સ્ત્રીઓની પ્રગતિ ઘણી જ ઉત્તમ ગર્વ છે મને આ વિકાસ નો.

આજે અનેક વિરોધો અને મુશ્કેલીઓ વચ્ચે પણ અનાવિલો વિકાસના પંથે છે. આજથી ફક્ત 50 વર્ષ પહેલાના અને અત્યારના અનાવિલની સરખામણી કરીએ તો આ વાતની સત્યતા ખબર પડશે. પરિસ્થિતિ પ્રમાણે બધા શબ્દોના અર્થ બદલાઈ જતા હોય છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા 'બહાદુરી' નો મતલબ ખરેખર તલવાર લઈ મેદાનમાં ઉતરી પડવું એવો થતો હતો જ્યારે આજે બહાદુર દેખાવા માટે અલગ મેદાન કે તલવારની જરૂરિયાત નથી. મૂંછો મૂકવી અને તે પણ સારી રીતે રાખવી કે આપણી શારીરિક, માનસિક, આર્થિક અને આત્મિક શક્તિને અકબંધ રાખવી એ જ બહાદુરી.

મૂંછો છે તો ઘણી સંભાવનાઓ છે. અનાવિલ કોમ માટે પણ એવી રીતે ઘણી સંભાવનાઓ છે. ભવિષ્યના ગર્ભમાં શું છે! એ તો કોને ખબર પણ,

ઘણા પડકારો છે ઝીલી લઈશું,
અસ્તિત્વ ને ટકાવી લઈશું.
કોની તાકાત છે પાછળ પાડવાની,
અમે આકાશને આંબી લઈશું.

જય અનાવિલ.

From :
જીગીષા અર્જુન દેસાઈ
'વિશ્વકર્મા',
ગોરિયા ફળિયા,
વલસાડ અબ્રામા
વલસાડ - 396001
ગુજરાત.
Phone. (02632) - 244533
Mo - 98980 47156
99135 99011